RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 154* Date: 02.04.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કોકરાઝારમાં વડાપ્રધાને ચૂંટણી સભા સંબોધી

# આસામને ફરી ઠગવા નીકળી છે કોંગ્રેસ: મોદીના આકરા પ્રહારો

### આસામની સંસ્કૃતિને નષ્ટ કરવાનું સ્વપ્ન જોઇ રહેલા મહાજૂઠ બોખલાઇ રહ્યા છે

ગુવાહાટી,તા.૧

પીએમ મોદીએ કોકરાઝારમાં એક જનસભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ કહ્યુ કે, આખુ ભારત જાણે છે કે અહીના નવયુવાનમાં ફૂટબોલ ઘણુ ફેમસ છે, તેમની ભાષામાં કહું તો કોંગ્રેસ અને તેમના મહાજૂઠને ફરી રેડ કાર્ડ બતાવવામાં આવ્યુ છે. આસામના વિકાસ માટે આસામના લોકોનો વિશ્વાસ એનડીએ પર છે. આસામમાં શાંતિ અને સુરક્ષા માટે આસામના લોકોનો વિશ્વાસ એનડીએ પર છે. આસામની સંસ્કૃતિને નષ્ટ કરવાનું સ્વપ્ન જોઇ રહેલા મહાજૂઠ બોખલાઈ રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે, આ ચૂંટણી મહાજોતનું મહાજૂઠ અને ડબલ એન્જિનના મહાવિકાસ વચ્ચે છે. કોંગ્રેસે અમારા સુત્ર, અમારા નામઘરોનો ગેરકાયદેસર કબજો ગિરોહના હવાલે કર્યો, એનડીએએ તેમને મુક્ત કર્યા. કોંગ્રેસે બરાક, બ્રહ્મપુત્ર, પહાડ, મેદાન- બધાને ભડકાવ્યા, એનડીએએ તેમને વિકાસના સેતુથી જોડ્યા છે. કોંગ્રેસે ટી ગાર્ડનમાં કામ કરનારા સાથીઓને ક્યારેય પૂછ્યુ પણ નથી. આ એનડીએની સરકાર જ છે જેમણે ટી ગાર્ડન્સમાં કામ કરનારા મજૂર ભાઇ-બહેનોની દરેક ચિંતાના સમાધાનનો પ્રયાસ કર્યો છે.

એવી કોઇ જનજાતિ નથી જેને કોંગ્રેસે વિશ્વાસઘાત ના કર્યો હોય. બીજી તરફ એનડીએ સરકાર, કોચ, રાજબોન્શી, મોરાન, મોટોક, સૂતિયા તમામ જનજાતિયોના હિતમાં પગલા ભરી રહી છે, તેની માટે નવી ડેવલપમેન્ટ કાઉન્સિલ બનાવવાનુ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ કે, મને સંતોષ છે કે ૨૦૧૬માં બીટીઆરમાં શાંતિ અને વિકાસનો જે દાવો અમે કર્યો હતો, તેને લઈને અમે ઘણા ઈમાનદાર પ્રયાસ કર્યા છે. કોંગ્રેસના લાંબા શાસને આસામને બોમ્બ, બંદૂક અને બ્લૉકેડમાં ઝોકી દીધી હતી. એનડીએએ આસામને શાંતિ અને સમ્માનની ભેટ આપી છે. પીએમ મોદીએ કહ્યુ કે, આ અટલજીની એનડીએ સરકાર હતી જેને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલનો અધિકાર તમને આપ્યો. આ એનડીએની વર્તમાન કેન્દ્ર સરકાર છે, જેને સ્થાઇ શાંતિ માટે ઐતિહાસિક બોડો અકૉર્ડ પર મોહર લગાવી. આજે બીટીઆરનો વિસ્તાર પણ થયો છે અને વિકાસની નવી શરૂઆત પણ થઇ છે. બોડોલેન્ડના સ્થાયી વિકાસ માટે અમારો મંત્ર છે- પીસ, પ્રોગ્રેસ અને પ્રોટેક્શન એટલે શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષા. લાંબા સમય બાદ આસામમાં શાંતિ પરત ફરી છે. જે સાથી બંદૂક છોડીને પરત ફર્યા છે, તેમની દરેક શક્ય સહાયતા માટે એનડીએ સરકાર પ્રતિબદ્ધ છે.

હજુ પણ જે પણ સાથી પરત નથી ફર્યા, તેમને પણ મારો આગ્રહ છે કે શાંતિ અને વિકાસના આ મિશનથી તમે પણ જોડાઇ જાવો. કોંગ્રેસ એક મહાજૂઠ બનીને, એક વખત ફરી કોકરાઝાર સહિત આખા બોડોલેન્ડ ટેરિટોરિયલ રીજનને ઠગવા નીકળી છે. જે દળના નેતાઓએ કોકરાઝારને હિસાની આગમાં ઝોકી હતી, આજે કોંગ્રેસે પોતાનો હાથ અને પોતાનું



ભાગ્ય તે લોકોને થમાવી દીધુ છે. કાલે એક વીડિયોમાં આખા આસામે જોયુ છે કે કેવી રીતે આસામની ઓળખ, આસામની બહેનોના શ્રમના પ્રતીક, ગમોસાનુ ખુલ્લેઆમ અપમાન કર્યુ છે.

## ભારતમાંથી કપાસ-ખાંડની આયાત કરવાનો નિર્ણય ઈમરાન સરકારે પરત ખેંચ્યો



ન્યુ દિલ્હી,તા.૧

પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે પોતાના દેશમાંથી થઈ રહેલા વિરોધની આગળ ઝુકતા ભારતથી કપાસ અને ખાંડની આયાત કરવાના નિર્ણયને પાછો ખેંચી લીધો છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઈમરાન ખાનની કેબિનેટે ભારતથી કપાસ અને ખાંડ આયાત કરવાના કેબિનેટ આર્થિક સમન્વય સમિતિના નિર્ણયને ફગાવી દીધો છે. ભારતથી કપાસ મંગાવવાની કપડા ઉદ્યોગ માંગ કરી રહ્યું છે. તો કટ્ટરપંથી આ વાત માટે ઈમરાન ખાન સરકારની ટીકા કરી રહ્યા હતા, કે તેઓ કાશ્મીરમાં બદલાવ વગર જ ભારતની સામે ઝુકી ગયા.

ગુરૂવારના પાકિસ્તાની કેબિનેટના નિર્ણયમાં કપાસની આયાતના નિર્ણય પર રોક લગાવવાનો નિર્ણય થયો. આ પહેલા પાકિસ્તાનની કેબિનેટ આર્થિક સમન્વય સમિતિએ બુધવારના ભારતની સાથે વ્યપાર ફરીથી શરૂ કરવાને મંજૂરી આપી હતી. સમિતિએ કહ્યું હતુ કે, પાકિસ્તાન ૩૦ જૂન ૨૦૨૧થી ભારતથી કૉટન આયાત કરશે. પાકિસ્તાન સરકારે ખાનગી ક્ષેત્રને ભારતથી ખાંડ ખરીદવાની પણ મંજૂરી આપી હતી. પાકિસ્તાને વર્ષ ૨૦૧૯માં ભારતથી કૉટન અને અન્ય કૃષિ પ્રોડક્ટ્સની આયાત પર રોક લગાવી દીધી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાનમાં ખાંડની વધતી કિંમતો અને સંકટોથી ઝઝુમી રહેલા કાપડ ઉદ્યોગને બચાવવા માટે પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે ભારતની સાથે વ્યાપારની ફરીથી શરૂઆત કરવાને મંજૂરી આપી હતી.

બંને દેશોમાં તણાવપૂર્ણ સંબંધોની વચ્ચે આ પાકિસ્તાનનો ભારતની સાથે સંબંધો સુધારવાની દિશામાં પહેલો મોટો પ્રયાસ માનવામાં આવી રહ્યો હતો. કપાસની ઉણપના કારણે પાકિસ્તાની કાપડ ઉદ્યોગને ભારે સકંટનો સામનો કરવો પડી રહ્યો છે.

### ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો પોણા ૬ લાખને પાર

## દેશમાં કોરોનાની બુલેટ ગતિ: ૨૪ કલાકમાં ૭૨,૩૩૦ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૧

ભારતમાં ૨૪ કલાકમાં નોંધાતા કોરોનાના કેસમાં બહુ મોટો ઉછાળો આવ્યો છે. મંગળવારે જેટલા કેસ નોંધાયા હતા તેની સરખામણીમાં બુધવારે ૧૯,૦૦૦ જેટલા વધુ કેસ નોંધાયા છે. આ સાથે મૃત્યુઆંક પર સાડા ૪૦૦ને પાર થઈ ગયો છે. ભારતમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા હતા તેની સાથે એક્ટિવ કેસ અને મૃત્યુઆંક પણ મોટા થઈ રહ્યા છે.

ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૨,૩૩૦ કેસ નોંધાયા છે અને ૪૫૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ના કુલ કેસનો આંકડો



૧,૨૨,૨૧,૬૬૫ થઈ ગયો છે. વધુ સાડા ૪૦૦ લોકોના મોત સાથે દેશમાં કુલ મૃત્યુઆંક ૧,૬૨,૯૨૭ પર પહોંચી ગયો છે, અને એક્ટિવ કેસની સંખ્યા પોણા છ લાખને પાર કરીને ૫,૮૪,૦૫૫ થઈ ગઈ છે. જયારે ૪૦,૩૮૨ લોકએ બુધવારે કોરોના વાયરસને હરાવ્યો છે, દેશમાં કોરોનાને હરાવનારા કુલ દર્દીઓની સંખ્યા ૧,૧૪,૭૪,૬૮૩ થઈ ગયો છે.

ઁઝસ્ઈના આંકડા પ્રમાણે બુધવારે ૧૧,૨૫,૬૮૧ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેની સાથે અત્યાર સુધીમાં ટેસ્ટ માટે લેવાયેલા સેમ્પલનો કુલ આંકડો ૨૪,૪૭,૯૮,૬૨૧ થાય છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યા પ્રમાણે કુલ ૬,૫૧,૧૭,૮૯૬ લોકોને અત્યાર સુધીમાં કોરોનાની રસીના ડોઝ આપવામાં આવ્યા છે, આજથી દેશમાં ૪૫ વર્ષથી મોટી ઉંમરના કે જેઓ ગંભીર બીમારીથી નથી પીડાતા તેમને પણ રસી આપવામાં આવશે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોના વાયરસની રસી આપવા માટેનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી પહેલા હેલ્થકેર વર્કર્સ, પછી બીજા તબક્કામાં ૧ માર્ચથી શરુ થયેલા બીજા તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી વધુના તથા ગંભીર બીમારીઓથી પીડિત લોકોને રસી આપવામાં આવી હતી.

દેશમાં કેટલાક ભાગોમાં કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે, જે અંગે મંગળવારે કેન્દ્ર સરકાર દ્વારા સ્થિતિને કાબૂમાં લેવા માટે તથા દરેકને કે જેઓ ૪૫ વર્ષથી વધુ ઉંમરના છે તેમના સુધી રસી પહોંચાડવાની વાત કરી છે.

કોરોનાનો પ્રકોપ સૌથી વધુ મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરાયેલા આંકડા પ્રમાણે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૫૪૪ નવા કેસ સામે આવ્યા છે અને આટલા સમયમાં ૨૨૭ દર્દીઓના મૃત્યુ થયા છે. સરકારી અધિકારીએ જણાવ્યું કે, ત્રણ દિવસ પહેલા (૨૮ માર્ચે) મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૪૦૪૧૪ નવા કેસ સામે આવ્યા હતા જે અત્યાર સુધીનો એક દિવસનો સર્વાધિક આંકડો છે.

### કોરોનાનો વધતો કહેર, મહારાષ્ટ્રમાં ૭૨ કલાકમાં નવા ૧ લાખ કેસ નોંધાયા

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં પાછલા ૭૨ કલાકમાં એક લાખથી વધારે નવા સંક્રમણના કેસ સામે આવા ચૂક્યા છે, જે પછી પ્રદેશમાં કુલ કેસો ૨૮ લાખથી વધારે થઈ ગયા છે.મહારાષ્ટ્રમાં બુધવારે પાછલા ૨૪ કલાક દરમિયાન ૨૮૫૪૪ નવા કેસ નોંધાયા હતા. આનાથી પહેલા ૨૮ માર્ચે અત્યાર સુધી સૌથી વધારે રેકોર્ડ ૪૧૪૦૪ કેસ સામે આવ્યા હતા. રાજ્યોમાં અત્યાર સુધી ૨૮૧૨૯૮૦ કોરોનાના કેસ સામે આવી ચૂક્યા છે. મહારાષ્ટ્ર એક એવું રાજ્ય છે, જ્યાં અત્યાર સુધીના સૌથી વધારે કોરોના સંક્રમણના કેસ નોંધાયા છે.પ્રદેશમાં બીજી વખત લોકડાઉન લગાવવાની આશંકા વચ્ચે વધુ ૨૨૭ મોતો થયા પછી અત્યાર સુધી ૫૪૬૪૯ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે અને આ કેસમાં પણ રાજ્યોની સ્થિતિ ખુબ જ ખરાબ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૨૪૧૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૩૧૦૧૦૮
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૯
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૨૦૧૫
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૯૨૬૮૪

### પીપીએફ-એફડી પર વ્યાજદરમાં ઘટાડાનો નિર્ણય સરકારે તુરંત પરત ખેંચ્યો

## ચૂંટણી સ્ટંટ: સરકારનો યુટર્ન, બચત યોજનાઓ પર વ્યાજદર યથાવત્ રહેશે

ન્યુ દિલ્હી,તા.૧

પબ્લિક પ્રોવિડન્ડ ફંડ અને ફિક્સ ડિપોઝિટ સહિત અન્ય નાની બચત યોજનાઓ પર વ્યાજ દર ઘટાડવાનો નિર્ણય મોદી સરકારે થોડા કલાકો બાદ જ પરત ખેંચી લીધો છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ટ્વીટ કરીને આ અંગેની જાણકારી આપી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે, ભારત સરકાર નાની બચત યોજના પર જૂના વ્યાજ દરો યથાવત રહશે. એટલે કે, માર્ચ ૨૦૨૧ના વ્યાજ દરો ભવિષ્યમાં પણ મળતા રહેશે. અગાઉ જાહેર કરવામાં આવેલા આદેશ પરત લેવામાં આવશે.



અગાઉ સરકારે બુધવારે પીપીએફ, એનએસસી સહિત અન્ય નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં ૧.૧ ટકા સુધીનો કાપ મૂકવાની જાહેરાત કરી હતી. આ ઘટાડો ૧ એપ્રિલથી શરૂ થઈને ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિક માટે કરવામાં આવ્યો હતો. નાણાં મંત્રાલયના પરિપત્ર મુજબ, પીપીએફ પર વ્યાજ ૦.૭ ટકા ઘટાડીને ૬.૪ ટકા, જ્યારે એનએસસી પર ૦.૯ ટકા ઘટાડીને ૫.૯ ટકા કરી દેવામાં આવ્યું હતું. જો કે હવે આ નિર્ણય પરત ખેંચી લેવામાં આવ્યો છે.

આ સિવાય સુકન્યા સમૃદ્ધિ યોજના લોકો વચ્ચે ખૂબ જ લોકપ્રિય સ્કીમ છે. આ યોજના પર મળનારા વ્યાજને સરકારે ૭.૬ ટકાથી ઘટાડીને ૬.૯ ટકા કરી દીધો હતો. જે હવે પહેલાની જેમ જ યથાવત રહેશે.

કેન્દ્ર સરકારના વ્યાજદરમાં ઘટાડાનો નિર્ણયથી કિસાન વિકાસ પત્ર પર બેવડો માર પડ્યો હતો. કેવીપીના વ્યાજદરમાં કાપ મૂકવા સાથે જ તેની મુદ્દત ૧૨૪ મહિનાથી વધારીને ૧૩૮ મહિના કરી દેવામાં આવી હતી. જો કે હવે તે પહેલાની જેમ જ રહેશે. ખેડૂતો આ યોજનથી સારુ વ્યાજ મેળવી રહ્યાં છે.

સરકારે ગયા વર્ષે ૧ એપ્રિલ ૨૦૨૦ના રોજ જ નાની બચત યોજના પર મળતાં વ્યાજમાં ઘટાડો કર્યો હતો. ત્યારે તેમના વ્યાજદરમાં ૧.૪૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારપછી ૩૧ માર્ચ ૨૦૨૧ના રોજ પણ વ્યાજદરમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ તે પરત લેવો પડ્યો હતો.

## કોરોના છતાં માર્ચમાં GSTની રેકોર્ડ ૧.૨૩ લાખ કરોડની કમાણી

*ન્યુ દિલ્હી,તા.૧*

નાણા મંત્રાલયએ ગુરૂવારે કહ્યુ કે, માર્ચમાં જીએસટી સંગ્રહ વધીને ૧.૨૩ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ ઉંચાઈએ પહોંચી ગયો, જે પાછલા વર્ષની સમાન અવધીના મુકાબલે ૨૭ ટકા વધુ છે. મંત્રાલયે કહ્યું, જીએસટી આવક છેલ્લા છ મહિના દરમિયાન એક લાખ કરોડ રૂપિયાથી વઠધુ રહી છે, અને આ સમયમાં તેજીથી વૃદ્ધિના વલણથી મહામારી બાદ આર્થિક સુધારના સંકેત સ્પષ્ટ મળે છે.

મંત્રાલયે આગળ કહ્યું કે, જીએસટી, આવકવેરા અને કસ્ટમ્સ આઈટી સિસ્ટમ્સ સહિતના બહુપક્ષીય સ્રોતથી મળનાર ડેટાનો ઉપયોગ કરી નકલી-બિલિંગ વિરુદ્ધ ખાસ નજર રાખવામાં આવી છે, જેણે આવક સંગ્રહમાં યોદગાન આપ્યું છે.

જીએસટીની કુલ આવક માર્ચ ૨૦૨૧માં ૧,૨૩,૯૦૨ કરોડ રૂપિયા રહ્યું, જેમાં કેન્દ્રીય જીએસટીના ૨૨૯૭૩ કરોડ રૂપિયા, રાજ્ય જીએસટીના ૨૯૩૨૯ કરોજ રૂપિયા અને ઈન્ટિગ્રેટેડ જીએસટીના ૬૨,૮૪૨ કરોડ રૂપિયા (વસ્તુઓના આયાત પર જમા ૩૧,૦૯૭ કરોડ રૂપિયા સહિત) અને ૮,૭૫૭ કરોડ રૂપિયાનો સેસ શામેલ છે (માલની આયાત પર જમા કરાયેલા ૯૩૫ કરોડ રૂપિયા સહિત) સામેલ છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, માર્ચ ૨૦૨૧ દરમિયાન જીએસટી આવક, જીએસટીની શરૂઆતથી સૌથી વધુ છે. છેલ્લા પાંચ મહિનામાં જીએસટી આવક સંગ્રહની પ્રવૃતિના અનુરૂપ માર્ચ ૨૦૨૧માં આવક સંગ્રહ પાછલા વર્ષની સમાન અવધિના મુકાબલે ૨૭ ટકા વધુ રહ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ફેસમાસ્કમાં નેનો પ્લાસ્ટિકનો ઉપયોગ વિશ્વને કઈ ગર્તામાં ધકેલશે.....?

બે વર્ષ પહેલા ૫૦ માઈક્રોન નીચેની કોઈ પણ પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ અને ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જેના કારણે કેન્સર સહિતના કેટલાક રોગો પર કાબૂ આવ્યો હતો. આવા પ્રતિબંધ સાથે સરકારી તંત્ર,અર્ધ સરકારી તંત્રના જે તે સંબંધિત તંત્રોએ આ બાબતે તપાસ હાથ ધરવા સાથે એક્શન લેવાનુ શરૂ કરી દેતા આ પ્રકારના પ્લાસ્ટીક ચીજ વસ્તુઓનો ઉપયોગ બંધ થઈ ગયો હતો. પરિણામે પ્લાસ્ટિક કચરો સહિતના મેદાનો,જાહેર ઉપયોગી સ્થળો, વહેતી નદીઓ, વોકળા, તળાવો, ફરવાના સ્થળો સ્વચ્છ થઈ ગયા હતા. તો પ્લાસ્ટિક ચીજવસ્તુઓના કારણે અટકાઈ ગયેલ નદીમાના પાણી પ્લાસ્ટિક બનાવટોનો કચરો દૂર થતા નદીઓ,વોકળા ના પાણી વહેતા થઇ ગયા હતા. જોકે આરંભે શૂરાની કહેવત અનુસાર જ થયું....ધીરી ગતિએ જે તે માર્કેટોમાં ૫૦ માઈક્રોનથી નીચેની પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓનો વપરાશ શરૂ થઈ ગયો... અને આજે ફરી હતા ત્યાંના ત્યાં જ આવી પહોંચ્યા છીએ. અત્યારે કોરોના કાળમાં જ્યાં જ્યાં નજર કરો ત્યાં પ્લાસ્ટીક ચીજ વસ્તુઓનો કચરા સાથે માસ્ક નજરે પડી રહ્યો છે. જોકે રાજમાર્ગો, શહેરના મુખ્ય માર્ગો પરની સફાઈને કારણે રોડ રસ્તા સ્વચ્છ દેખાય છે. પરંતુ જ્યાં ત્યાં કચરાના ઢગ ખડકાય છે કે કચરો એકઠો કરવામાં આવે છે તેમાં ૭૦ ટકા જેવી પ્લાસ્ટિક ચીજ વસ્તુઓ જોવા મળે છે. તો જે તે ગામડાઓ, જિલ્લાઓ, નાના મોટા શહેરોમા શેરીઓ,મહોલ્લામા પ્લાસ્ટિક કચરો રજળતો જોવા મળે છે. જ્યારે કે ૨૦૨૦ થી શરૂ થયેલા કોરોના કાળમાં અભિન્ન અંગ બની ગયેલા ફેસમાસ્ક પણ પ્લાસ્ટિકની વસ્તુઓ કરતા પણ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અને આવા માસ્ક જાહેરમાં ગમે તે સ્થળે ફેકી દેવામાં આવે છે. આવા માસ્ક પર્યાવરણ માટે તો જોખમી છે જ પરંતુ સ્વાસ્થ્ય માટે પણ ખતરારૂપ છે. એક અભ્યાસ મુજબ એક મિનિટમાં ૩૦ લાખ માસ્કનો વપરાશ થાય છે તો એક મહિનામાં કેટલા માસ્ક વપરાયા હશે અને એક વર્ષનો ટોટલ કરો તો અધધ.. થઈ જશે. કોરોના મહામારી સમયમાં મોટાભાગના ફેસમાસ્ક પ્લાસ્ટિક માઈક્રોફાઈબરથી બનેલા હતા. અને આજે પણ માર્કેટમાં વપરાઈ રહ્યા છે. ડેનમાર્ક યુનિવર્સિટીના પર્યાવરણ પોઈઝન વિષયના વિજ્ઞાની જિયા ઓગ જેસર રેન દ્વારા સંશોધન કરીને જણાવેલ માહિતી અનુસાર માસ્ક હાનિકારક વસ્તુઓ બિસ્ફેનોલ જેવી ભારે વસ્તુઓ ઉપરાંત રોગો પેદા કરે તેવા જીવાણુઓ વાતાવરણમાં ફેલાવી શકે છે. ડિસ્પોઝેબલ માસ્કનુ પ્લાસ્ટિકની બોટલો કે અન્ય પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓની જેમ પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થાય છે અને જઈ રહ્યું છે.... પરંતુ તેનો નાશ કરવો સરળ નથી.....!!

ફેસમાસ્કમા વપરાયેલ પ્લાસ્ટિકના કણો અતિસૂક્ષ્મ હોય છે જે કણ તૂટીને હવામાં ફેલાઈ શકે છે. અને તે એક માઈક્રોમીટરથી પણ નાના કણો હોય છે. જેને સાદી ભાષામાં નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે.નિષ્ણાતોનુ માનવું છે કે નેનો કણો પ્લાસ્ટિકના કણો કરતા ઝડપથી ફેલાઈ શકે છે. જોકે માસ્કના નેનો પ્લાસ્ટિક કણોના રિસાઈકલ અંગે સંશોધન થયું નથી કે તેનો નાશ કઈ રીતે કરવામાં આવે છે તેની વિગતો પણ જાહેર થઈ નથી.પરિણામે વેસ્ટ થયેલ માસ્ક અન્ય પ્લાસ્ટિક ચીજ વસ્તુની જેમ કચરાના ઢગલામાં જોવા મળશે. જે વહેતી નદીઓમાં, વોકળાઓમાં, તળાવોમા કે દરિયામાં ભળશે તો તેના પરિણામો કેવાં ભયંકર આવી શકે તે સંશોધન માગી લે છે....! જે પ્રકારે ૫૦ માઈક્રોન નીચેની પ્લાસ્ટિક ચીજવસ્તુઓનું રિસાયકલ થઇ શકે છે તેમ નેનો પ્લાસ્ટિકથી બનેલા માસ્કનું રિસાયકલ થઇ ન શકે તો તેનો નાશ કરવા માટે સંશોધન કરવું જરુરી છે. અત્યારના સમયમાં રોડ-રસ્તા, જાહેર સ્થળો, મેદાનો, ટ્રાન્સપોર્ટ, રેલ્વે ટ્રેન સહિત અનેક સ્થળે ફેંકી દીધેલા વેસ્ટ માસ્ક જોવા મળી રહ્યા છે. તેવા વેસ્ટ માસ્ક જ્યાં ત્યાં ફેંકે નહીં તે માટે એક્શન લેવા જરૂરી છે.... નહીતો કોરોના મહામારી પછી વેસ્ટ થયેલા ફેસમાસ્ક વિશ્વને કેવા રોગોમા ધકેલી દેશે તેની તો કલ્પના જ કરવી રહી......!!

## ખોટું નામ બતાવીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથીઃ જાડેજા

# ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભામાં લવ જેહાદ કાયદાનું બિલ રજૂ કર્યું



**નવા કાયદામાં માત્ર પીડિત નહીં પરિવાર પણ ફરિયાદ કરી શકશે, આ અમારો કોઈ રાજકીય એજન્ડા નથી આ અમારી વ્યથા છે, દીકરીઓને બચાવવાનો પ્રયાસ છે, લવજેહાદને કારણે હિંદુ દીકરીઓ આપઘાત કરવા મજબૂર બને છેઃ પ્રદીપસિંહ**

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભામાં આજે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાનું બિલ રજુ કર્યું હતું. જેને અયોગ્ય ઠેરવીને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલને ફાડી નાંખ્યું હતું. બિલ ફાડી નાંખતાં જ પ્રદિપસિંહ જાડેજાએ ખેડાવાલા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ નિવેદન આપતાં કહ્યું હતું કે હું નખશીખ હિન્દુ છું અને હિન્દુ હોવાનું મને ગૌરવ છે. હિંદુ ધર્મમાં ૩૩ કરોડ દેવી દેવતાઓ છે. પરંતુ મુઠ્ઠી ભર લોકો અયોધ્યામાં તમે માથું નમાવો તો જ હિન્દુ હોવાનું સર્ટીફિકેટ વહેંચવા નીકળ્યા છે. અમને તેનો વિરોધ છે. વિધાનસભામાં લવ જેહાદ પર બોલતા પરેશ ધાનાણી મુખ્યમંત્રી સુધી પહોંચ્યા હતાં. ધાનાણીએ મુખ્યમંત્રીને અભિનંદન આપતાં કહ્યું હતું કે, એ સમયે એમણે ધર્મના વાડા તોડી લગ્ન કર્યા હતાં. ત્યારે ભુપેન્દ્રસિંહે મુખ્યમંત્રીના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવ્યો હતો. વિધેયકમાં લવ જેહાદ શબ્દનો ઉલ્લેખ નથી. ૨૦૦૩માં તમે ધર્મ સ્વતંત્રતા વિધેયક લાવ્યા હતાં. આજે ફરી લાવ્યા છો. ૧૭ વર્ષમાં તમે આવી ઘટનાઓ રોકી શક્યા નથી. પ્રેમના સીમાડા નથી હોતા, પ્રેમ સાથે છેડછાડ કરનારનો વિનાશ થાય છે. એમ પરેશ ધાનાણીએ કહ્યું હતું.

ગુજરાત વિધાનસભામા વર્ષ ૨૦૦૩ના ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમા સુધારા વિધેયક રજૂ કરતા પ્રદીપસિંહ જાડેજા એક કલાક અને અગીયાર મિનિટ બોલ્યા છે. એમણે ×લવજેહાદ×ની વિસ્તારથી વ્યાખ્યા પણ બાંધી છે. આવા કાયદાઓ વિશ્વના બીજા દેશો અને ભારતના કેટલાક રાજ્યોમા અસ્તિત્વ ધરાવતા હોવાનુ પણ તેમણે કહ્યુ છે.

પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં બિલ રજૂ કરતા સમયે જણાવ્યું કે, હિન્દૂ સમાજ દીકરીને કાળજાના કટકા સમાન ગણે છે. દીકરી એ આપણું અંગ છે, દીકરીને પારકી થાપણ કહેવાય પણ દીકરીને જેહાદી હાથોમાં ના જવા દેવાય. દીકરીને કસાઈઓના હાથમાં જતી બચાવવા માટે અમે કાયદો લાવ્યા છીએ. સમાજ દ્વારા જુદી જુદી રજૂઆતોને આધારે આજે આ બિલ લાવવામાં આવશે. હિન્દુ યુવતીઓને લવ જેહાદના નામે ધર્માંતર કરાવીને, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈને અનેક દીકરીઓના જીવન નર્ક બનાવી નાંખવાની માનસિકતાવાળા આ જેહાદી તત્વોની સામે સખતાઈથી અને કડકાઈથી કામ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. જે અંતર્ગત ખોટું નામ કહીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથી. આજનું ધર્માંતરણ એ આવતી કાલનું રાષ્ટ્રતરણ છે. જેને અટકાવવા માટે અમે આ કાયદો લાવી રહ્યાં છીએ. યુવક નાડાછડી પહેરીને આવે જેથી યુવતીને હિન્દુ લાગે છે, હિન્દુ નામ ધારણ કરીને હિન્દુ ધર્મમાં માનતો હોવાનું પ્રસ્થાપિત કરે છે. ધર્મ પરિવર્તન કરાવવાનો યુવકનો આશય છે. ધર્મ પરિવર્તન બાદ યુવતીને પાછા ફરવાનો કોઈ રસ્તો મળતો નથી હોતો, જેથી ઘણી યુવતીઓ આત્મહત્યા પણ કરે છે. કેરળમાં ચર્ચના રિપોર્ટને ટાંકીને પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું ધર્માંતરણ બાદ યુવતીઓનો જેહાદી અને આતંકી પ્રવૃતિઓમાં પણ ઉપયોગ થઈ રહ્યો છે.

# વિઝા વગર નેપાળથી ભારતની સરહદમાં પ્રવેશી રહેલી કેનેડીયન મહિલાની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૧

ભારત અને નેપાળની સરહદને અડીને આવેલા બિહારના રક્સૌલ ખાતેથી એક વિદેશી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. ઈમિગ્રેશન વિભાગે રામગઢવા પોલીસની મદદથી બાતમીના આધારે મહિલાની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલી વિદેશી મહિલા પાસેથી પાસપોર્ટ અને નેપાળના વિઝા જપ્ત કરવામાં આવ્યા છે. રક્સૌલ ઈમિગ્રેશન વિભાગને સૂચના મળી હતી કે, એક વિદેશી મહિલા પાસપોર્ટ અને વિઝા વગર નેપાળ સરહદે થઈને ભારતમાં પ્રવેશી રહી છે. આ સૂચના મળ્યા બાદ એનએચ-૨૮એ પર ચેકિંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ખાનગી વાહનોની સાથે જ મુસાફરોને લઈને જતા વાહનોની પણ તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન તે મહિલા રક્સૌલથી મોતિહારી જતી બસમાં મળી આવી હતી.

પોલીસે તે મહિલાને બસમાંથી ઉતારીને કસ્ટડીમાં લીધી હતી અને ઈમિગ્રેશન વિભાગને તેની જાણ કરી હતી. જાણવા મળ્યા મુજબ તે મહિલાનું નામ રોબાઈકા વિલિયમ અને તેના પિતાનું નામ કૈરિસ્તો વિલિયમ છે. મહિલા પાસે કેનેડાનો પાસપોર્ટ છે. પુછપરછ દરમિયાન મહિલાએ પોતે નેપાળ ફરવા આવી હતી અને જાણકારીના અભાવે ભારતીય સરહદમાં પ્રવેશી હતી તેમ જણાવ્યું હતું.

## નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદર શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો

# પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું ૮૦ અને આસામમાં ૭૩ ટકા મતદાન

ગુવાહાટી,તા.૧

પશ્ચિમ બંગાળ અને આસામની ૬૯ બેઠકો પર ગુરુવારે બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતુ. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ બપોરે ૫:૩૬ વાગ્યા સુધીમાં પશ્ચિમ બંગાળમાં ૮૦.૪૩% અને આસામમાં ૭૩.૦૩% મતદાન નોંધાયું છે. આ દરમિયાન નંદીગ્રામના એક મતદાન કેન્દ્ર પર ભારે હોબાળો થયો હતો. અહીંયા ટીએમસીના કાર્યકરોએ આરોપ હતા કે તેમને મતદાન કરવા માટે નથી જવા દેવામાં આવી રહ્યા.

મમતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી ચૂંટણીના દિવસે બંગાળમાં ચૂંટણી પ્રચાર કઈ રીતે કરી શકે છે? મમતાએ આરોપ લગાવ્યા હતા કે અમિત શાહ સીધા જ કેન્દ્રથી મોકલવામાં આવેલા સુરક્ષકર્મીઓને આદેશ આપી રહ્યા છે. આ ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન છે. આ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી અચાનક બોયા ગામના મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા. મમતા વ્હીલચેર પર ત્યાં પહોંચ્યા હતા અને લોકો સાથે વાત પણ કરી હતી. મમતાએ કહ્યું કે ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો વાતાવરણ ખરાબ કરી રહ્યા છે. બહારના ગુંડા મતદાનને પ્રભાવિત કરી રહ્યા છે. ચૂંટણી પંચને અનેક વખત ફરિયાદો કરવામાં આવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમણે રાજ્યપાલને આ મામલે દખલ કરવા વાત કરી હતી. તેમણે કહ્યું કે જો ચૂંટણી પંચ કાર્યવાહી નહીં કરે તો તે કોર્ટમાં જશે.

તૃણમૂલ કોંગ્રેસનાં રાજ્યસભા સાંસદ ડેરેક ઓ બ્રાયને ચૂંટણી પંચને પત્ર લખીને નંદીગ્રામ વિધાનસભા વિસ્તારમાં ભાજપના કાર્યકરો દ્વારા બૂથ કેપ્ચરિંગનો આરોપ લગાવ્યો હતો. તેમણે લખ્યું કે ભાજપના કાર્યકરોની ભારે ભીડ મતદાન કેન્દ્રમાં ઘૂસી ગઈ હતી. ભાજપના કાર્યકરો ઈવીએમમાં ચેડાં કરવાના અને બૂથ પર હોબાળો કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જયારે, ભાજપે પણ અનેક જગ્યાએ આ જ પ્રકારના આરોપ તૃણમૂલના કાર્યકરો પર લગાવ્યા છે. નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદ શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. હુમલામાં મીડિયાના વાહનોને પણ નુકશાન પહોંચ્યું છે. શુભેંદુએ આરોપ લગાવ્યા છે કે આ પાકિસ્તાનીઓનું કામ છે. જય બાંગ્લા બાંગ્લાદેશનો નારો છે. આ દરમિયાન, પશ્ચિમ મેદિનીપુરના કેશપુરમાં બૂથ નંબર ૧૭૩ પર તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર ભાજપના પોલિંગ એજન્ટને માર મારવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પોલિંગ એજન્ટને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

# બ્રાઝિલે ભારત બાયોટેકની કોવેક્સિનને આપેલો ૨ કરોડ રસીનો ડોઝનો ઓર્ડર રદ્દ કર્યો

રિયો ડિ જાનેરો,તા.૧

ભારત દુનિયાના અનેક દેશોને કોરોનાની વેક્સીન પુરી પાડી રહ્યું છે. અનેક દેશો સામે ચાલીને ભારતીય વેક્સીન કંપનીઓને કોરોનાની વેક્સીનના ઓર્ડર આપી રહ્યાં છે. પરંતુ બ્રાઝિલે ભારતની વેક્સીનને જાકારો આપ્યો છે. બ્રાઝિલે ભારત બાયોટેકની કોવેક્સીનને આપેલો ૨ કરોડ વેક્સીનના ડોઝનો ઓર્ડર રદ્દ કરી નાખ્યો છે.

બ્રાઝિલના સ્વાસ્થ્ય નિયામકે હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકની કોરોના રસી કોવેક્સીનની આયાતને મંજૂરી આપવાની ના પાડી દીધી છે. બ્રાઝિલે આ નિર્ણય જીએમપી (ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ) નિયમોનો ભંગ કરવાના કારણે લીધો છે. બ્રાઝિલની સરકારે ગત મહિને ભારતીય દવા નિર્માતાની રસીના ૨ કરોડ ડોઝ ખરીદવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત બાયોટેકે ૮ માર્ચના રોજ બ્રાઝિલમાં રસીના ઈમરજન્સી ઉપયોગ માટે અરજી કરી હતી.

બ્રાઝિલના હેલ્થ રેગ્યુલેટરે ભારતમાં તૈયાર થયેલી કોવેક્સીનની નિકાસ કરવાની ના પાડી દીધી છે. બ્રાઝિલે આ નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે તે અમેરિકા બાદ કોરોના વાયરસ મહામારીથી સૌથી અસરગ્રસ્ત દેશ છે. આ દેશે રસી તૈયાર કરવામાં યોગ્ય માપદંડોનું પાલન ના કરવાને લઈને સવાલ ઉભા કર્યા છે. જો કે રસી નિર્માતા ભારત બાયોટેક તરફથી પ્રતિક્રિયા આવી છે. કંપનીએ કહ્યું છે કે, હજી બ્રાઝિલ સાથે ચર્ચા ચાલું છે.

# ભાજપ સાંસદ અને અભિનેત્રી કિરણ ખેર બ્લડ કેન્સરથી પીડિત હોવાનો ખુલાસો

મુંબઈ,તા.૧

બોલિવુડના અભિનેતા અનુપમ ખેરના પત્ની અને ભારતીય જનતા પાર્ટીના ચંદીગઢથી સાંસદ કિરણ ખેર બ્લડ કેન્સરથી પીડિત છે. તેમની છેલ્લાં ચાર મહિનાથી કોકિલાબહેન હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ૬૮ વર્ષના બોલિવુડ અભિનેત્રી મલ્ટીપલ માઈલોમાથી પીડિત છે જે બ્લડ કેન્સરનો એક પ્રકાર છે.કિરણ ખેરના સાથી અને ભાજપ ચંદીગઢના મેમ્બર અરૂણ સૂદે બુધવારના રોજ એક સ્પેશ્યલ પ્રેસ કોન્ફરન્સમાં કિરણની બીમારી અંગે ખુલાસો કર્યો. સૂદે કહ્યું કે કિરણ ખેર ગયા વર્ષથી પોતાની સારવાર કરાવી રહ્યા છે અને અત્યારે રિકવરીની રાહ પર છે.

સૂદે કહ્યું કે ગયા વર્ષે ૧૧મી નવેમ્બરના રોજ તેમને પોતાના ચંદીગઢવાળા ઘરમાં હાથમાં ફ્રેકચર થયું હતું. ચંદીગઢના પોસ્ટ ગ્રેજયુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચમાં સારવાર દરમ્યાન તેમાં મલ્ટીપલ માઈલોમાની શરૂઆતના લક્ષણ જોવા મળ્યા. ત્યારબાદ તેમને ૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ મુંબઈ સારવાર માટે એરલિફ્ટ કરાયા. ત્યારથી તેમની સતત સારવાર ચાલી રહી છે.અરૂણ સૂદે આગળ કહ્યું કે આમ તો કિરણ ખેર છેલ્લાં ચાર મહિનાથી પોતાની સારવાર કરાવી રહ્યા છે અને કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ નથી પરંતુ તેમને દરરોજ ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલ જવું પડે છે.આપને જણાવી દઈએ કે કિરણ ખેરને લઈ પાર્ટીએ હેલ્થ અપડેટ પર પ્રશ્ન ઉઠાવ્યા બાદ આપી. કિરણ ખેર લાંબા સમયથી ચંદીગઢથી ગાયબ હતા એવામાં વિપક્ષ તેના પર પ્રશ્ન ઉઠાવી રહ્યા હતા. સૂદે કહ્યું કે ગયા વર્ષે ડિસેમ્બર સુધી કિરણ ચંદીગઢમાં જ હતા અને તેમને બીમારીને જોતા બહાર ના નીકળવાની સલાહ મળી હતી.

## શિવસેનાએ પાર્ટીના બીજા પ્રવક્તા તરીકે અરવિંદ સાવંતની નિમણૂંક કરી

*મુંબઈ,તા. ૧*

મહારાષ્ટ્રમાં શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ લોકસભા સાંસદ અને પૂર્વ કેન્દ્રિય મંત્રી અરવિંદ સાવંતને પાર્ટીના મુખ્ય પ્રવક્તા બનાવ્યા છે.

અત્યાર સુધી સંજય રાઉત જ પાર્ટીના મુખ્ય પ્રવક્તા હતા અને હવે આ જ હોદ્દો અરવિંદ સાવંદને પણ અપાયો છે. આ નિર્ણયને પાર્ટીમાં રાઉતનુ કદ ઘટાડવાની કવાયત તરીકે જોવાઈર હ્યો છે. સાસંદ સાવંત આ પહેલા પણ પાર્ટીના પ્રવક્તા તરીકે ફરજ બજાવી ચુક્યા છે. શિવસેના જયારે એનડીએમાં હતી ત્યારે સાવંત શિવસેનામાંથી કેન્દ્રીય મંત્રી બન્યા હતા.

નોંધપાત્ર વાત એ છે કે, રાઉતે સામનામાં ગૃહમંત્રી અનિલ દેશમુખ પર નિશાન સાધીને તેમને એક્સિડેન્ટલ હોમ મિનિસ્ટર ગણાવ્યા હતા અને એ પછી પાર્ટીએ સાવંતને પ્રવક્તા બનાવવાનો નિર્ણય લીધો છે. સામનામાં લખાયેલા લેખ બાદ કોંગ્રેસે રાઉતને સમજી વિચારીને બોલવાની સલાહ આપી હતી.

સાથે સાથે એ પણ નોંધવા જેવુ છે કે, તાજેતરમાં જ લોકસભાના મહિલા સાંસદ નવનીત રાણાએ અરવિંદ સાવંત પર ધમકી આપવાનો આરોપ મુક્યો હતો. આ મામલામાં સાવંત સામે કાર્યવાહી કરવાની પણ મહિલા સાંસદે માંગ કરી હતી.

# ફ્રાન્સમાં કોરોનાનો ફફડાટઃ ૪ અઠવાડિયા લાંબું દેશવ્યાપી લોકડાઉન લગાવાયું



પેરિસ,તા.૧

ભારતમાં છેલ્લા એક મહિનાથી કોરોના વાયરસ સંક્રમણ માથુ ઉચકી રહ્યું છે. તેવી જ રીતે દુનિયાના અનેક દેશોમાં પણ સ્થિતિ વધારે ગંભીર બની રહી છે. અગાઉ ભાયનક સ્થિતિનો સામનો કરી ચુકેલા ફ્રાંસે ફરી એકવાર આકારો નિર્ણય લેતા દેશ આખામાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યું છે. આ લોકડાઉન ૪ અઠવાડિયા એટલે કે એક મહિનાનું રહેશે. સ્થિતિ વધારે કથળતા ત્રીજીવાર લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ફ્રાંસમાં કોરોના વાયરસે પોતાનો પ્રકોપ વધતા ફ્રાંસના રાષ્ટ્રપતિએ સમગ્ર દેશમાં ચાર અઠવાડિયાનું લૉકડાઉન લગાવી દીધું છે. ફ્રાંસમાં શાળાઓને ત્રણ અઠવાડિયા માટે બંધ કરવામાં આવી છે. હાલ ફ્રાંસમાં કોરોના વાઈરસની ત્રીજી લહેર ચાલી રહી છે. જેના લીધે ભારે ખાનાખરાબી સર્જાઈ હતી. આવામાં રાષ્ટ્રપતિ મેક્રોએ કહ્યું કે, જો નક્કર પગલા નહિ ભરાય તો કોરોના પરથી કાબૂ ગુમાવી દઈશું. ફ્રાંસમાં દેશવ્યાપી લોકડાઉન દરમિયાન માત્ર જીવન જરૂરિયાત સામાનની દુકાનો ખોલવાની મંજૂરી મળશે.

ઓફિસ જવાને બદલે લોકોએ વર્ક ફ્રોમ હોમ કરવું પડશે. આ દરમિયાન ૧૦ કિલોમીટરની ત્રિજયામાં જવા પર રોક લગાવવામાં આવી છે. આમ છતાં લોકડાઉનમાં કોરોના રસીકરણ ઝડપી બનાવવામાં આવશે. મહત્વનું છે કે, ફ્રાંસમાં કોરોના ચેપના પોઝિટિવ કેસનું કુલ સંખ્યા ૪૬ લાખને પાર પહોંચી ચૂકી છે.

# શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૫૨૧ના વધારા સાથે ૫૦,૦૦૦ને પાર

*મુંબઈ,તા. ૧*

આજે શેરબજારમાં ફરી રોનક જોવા મળી છે. આજે શેર માર્કેટ તેજી સાથે બંધ થયુ હતું. બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૨૦.૬૮ પોઈન્ટ એટલે કે ૧.૦૫ ટકાના વધારા સાથે ૫૦૦૨૯.૮૩ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૭૬.૬૫ પોઈન્ટ એટલે કે ૧.૨૦ ટકાના વધારા સાથે ૧૪૮૬૭.૩૫ના સ્તરે બંધ થયો હતો. ગયા સપ્તાહે બીએસઈનો ૩૦ શેર વાળા સેન્સેક્સમાં ૮૪૯.૭૪ પોઈન્ટ એટલે કે ૧.૭૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ૨૯ માર્ચે હોળીના તહેવારના પગલે શેર માર્કેટ બંધ હતું. શુક્રવારે પણ ગુડ ફ્રાઈડના તહેવારને લઈને માર્કેટ બંધ રહેશે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ટાટા સ્ટીલ, જેએસડબલ્યૂ સ્ટીલ, હિંડાલ્કો, ઈન્ડસઈન્ડ બેંક અને અદાણી પોર્ટ્સના શેરમાં તેજી જોવા મળી હતી. જ્યારે હિંદુસ્તાન યૂનિલીવર, નેસ્લે ઈન્ડિયા, એચડીએફસી લાઈફ, ડિવિસ લેબ અને ટીસીએસના શેર ઘટાડા સાથે બંધ થયા હતા.

આજે શેરબજારની શરૂઆત તેજી સાથે થઈ હતી. આજે માર્કેટની શરૂઆતમાં સેન્સેક્સ ૩૫૮.૫૭ પોઈન્ટ એટલે કે ૦.૭૨ ટકાના વધારા સાથે ૪૯૮૬૭.૭૨ના સ્તરે ખુલ્યો હતો. તો નિફ્ટી ૧૦૨.૬૦ પોઈન્ટ એટલે કે ૦.૭૦ ટકાના વધારા સાથે ૧૪૭૯૩.૩૦ના સ્તરે ખુલ્યો હતો.નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના બિઝનેસના છેલ્લા દિવસે શેર બજારમાં ઘટાડો આવ્યો હતો અને લાલ નિશાન પર બંધ થયું હતું. સેન્સેક્સ ૬૨૭.૪૩ પોઈન્ટ એટલે કે ૧.૨૫ ટકાના ઘટાડા સાથે ૪૯૫૦૯.૧૫ના સ્તરે બંધ થયો હતો અને નિફ્ટી ૧૫૪.૪૦ પોઈન્ટ એટલે કે ૧.૦૪ ટકાના ઘટાડા સાથે ૧૪૬૯૦.૭૦ના સ્તરે બંધ થયો હતો.



શેરબજારમાં ૩૧ માર્ચે સતત બીજા દિવસના વધારા બાદ ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ ૬૨૬ અંક ઘટી ૪૯૫૦૯.૧૫ પર અને નિફ્ટી ઈન્ડેક્સ ૧૫૪ અંક ઘટી ૧૪૬૯૦.૭૦ પર બંધ થયો હતો. એનએસઈના પ્રોવિઝનલ ડેટા મુજબ વિદેશી સંસ્થાગત રોકાણકારોએ ૧૬૮૫.૯૧ કરોડ રૂપિયા અને ઘરેલુ સંસ્થાગત રોકાણકારોએ ૨૦૮૧.૫૨ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા.

# ગુડ ફ્રાઇડે કઇ રીતે નક્કી થાય છે ?

તા. ૨ એપ્રિલના દિવસે ખ્રિસ્તી ધર્મનો તહેવાર ગુડ ફ્રાઈડે છે. આ તહેવાર કઈ રીતે નક્કી થાય છે તે અંગે ઘણા જિજ્ઞાસુ વાચકોને પ્રશ્ન થતો હોય છે. ગુડ ફ્રાઈડેની ગણતરી અંગે પંચાંગ ગણિતના અભ્યાસી ખગોળવિદ ભૂપેન્દ્ર નરસિંહભાઈ ધોળકિયા (વીરમગામવાળા) જણાવે છે કે ખ્રિસ્તીઓના ધાર્મિક પંચાંગનો મુખ્ય આધારસ્તંભ ઈસ્ટર સન્ડે છે. આ ઈસ્ટર સન્ડે અંગ્રેજી કેલેન્ડરની કોઈ નિશ્ચિત તારીખે આવતો નથી.

ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ તા. ૨૧મી માર્ચ એટલે વસંત સંપાત-ખગોલીય વિષુવદિન. આ વસંત સંપાત દિન (૨૧ માર્ચ) પછી આવતી પૂનમથી પહેલો રવિવાર એ જ ઈસ્ટર સન્ડે. આમ કેલેન્ડરમાં તા. ૨૨ માર્ચથી તા. ૨૫ એપ્રિલ દરમિયાન ગમે ત્યારે ઈસ્ટર સન્ડે આવી શકે છે. ઈસ્ટર સન્ડેનો દિવસ નક્કી થયા પછી બાકીના ખ્રિસ્તી ધાર્મિક તહેવારો ઈસ્ટરના અમુક દિવસ આગળ કે પાછળ ગણીને નક્કી થાય છે. ઈસ્ટર સન્ડે પહેલાનો શુક્રવાર એટલે જ ગુડ ફ્રાઈડે.

ઈસુ ખ્રિસ્તનો વધ ગુડ ફ્રાઈડેના દિવસે કરવામાં આવ્યો છતાં પણ ત્રીજે દિવસે એટલે કે ઈસ્ટર સન્ડેના દિવસે તેમના અનુયાયીઓને સદેહે દર્શન આપ્યા હોવાનું મનાય છે. ઈસ્ટર સન્ડે એટલે પ્રકાશનું પર્વ- મૃત્યુ ઉપરના વિજયનો તહેવાર હોવાથી ખ્રિસ્તી ધર્મમાં સૌથી મહત્વનો દિવસ છે. દેવળોમાં વિજયના ઘંટનાદ થાય છે. આનંદ અને ઉલ્લાસના ગીત " એલ્લે લુયા" ગવાય છે.

હિન્દુ પંચાંગની તિથિઓનો સમન્વય કરીએ તો ગુડ ફ્રાઈડે હંમેશા સુદ તેરસથી વદ પાંચમ દરમિયાન જ આવે છે. જો ૨૧મી માર્ચનો દિવસ હુતાસણી પહેલા આવી જાય તો ગુડ ફ્રાઈડે ફાગણ સુદ તેરસથી ફાગણ વદ પાંચમ વચ્ચેના શુક્રવારે જ આવે છે. પરંતુ જ્યારે ૨૧મી માર્ચનો દિવસ હુતાસણી પછી આવે ત્યારે ગુડ ફ્રાઈડે ચૈત્ર સુદ તેરસથી ચૈત્ર વદ પાંચમ વચ્ચે આવે છે.

ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ પંચાંગ ગણિત અનુસાર ૧૯ (ઓગણીસ) વર્ષમાંથી પાંચ વર્ષ માર્ચ માસમાં અને ચૌદ વર્ષ એપ્રિલમાં ગુડ ફ્રાઈડે તથા ઈસ્ટર સન્ડે આવે છે.

આ વર્ષે ફાગણ માસમાં ગુડ ફ્રાઈડે તા. ૦૨-૦૪-૨૦૨૧ના રોજ તથા ઈસ્ટર સન્ડે તા. ૪-૦૪-૨૦૨૧ ના દિવસે છે. આવતા વર્ષે ચૈત્ર માસમાં ગુડ ફ્રાઈડે તા. ૧૫-૦૪-૨૦૨૨ના રોજ તથા ઈસ્ટર સન્ડે તા.૧૭-૦૪-૨૦૨૨ ના દિવસે આવશે.

ભૂપેન્દ્ર ધોળકિયા

# ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ લવ જેહાદ બિલ ફાડ્યુ



ગુજરાત વિધાનસભામાં આજે ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાનું બિલ રજુ કર્યું હતું. જેને અયોગ્ય ઠેરવીને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલને ફાડી નાંખ્યું હતું. બિલ ફાડી નાંખતાં જ પ્રદિપસિંહ જાડેજાએ ખેડાવાલા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.ગૃહરાજ્ય મંત્રીએ આજે ગૃહમાં આ કાયદો ગુજરાત માટે કેમ મહત્વનો છે તે વિશે લાંબુ ભાષણ પણ આપ્યું. સાથે જ આ કાયદાના ફાયદા પણ જણાવ્યા હતા. ગુજરાતની પ્રજા દ્વારા આ બિલને આવકારવામાં આવ્યું છે. જોકે, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ બાદ ગુજરાતમાં લાગુ કરવામાં આવેલ આ કાયદામાં કેવા કેવી જોગવાઈ કરવામાં આવી છે અને કેવા પ્રકારની સજા થશે તે માહિતી પણ સામે આવે છે તો બીજી તરફ, લવ જેહાદ માટે ફન્ડિંગ થતુ હોવાનો દાવો ગૃહરાજ્ય મંત્રીએ ગૃહમાં કર્યો છે. તેમણે કહ્યું કે, આરબ દેશોમાંથી હવાલાનાં મારફતે આ ફંડ ભારત પહોંચે છે. નવા કાયદામાં ફરિયાદ માત્ર પીડિત નહિ, પંરતુ પરિવારજનો પણ કરી શકશે. ત્યારે શું છે ફરિયાદ અને સજાની જોગવાઈ તે જાણીએ.

પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં બિલ રજૂ કરતા સમયે જણાવ્યું કે, હિન્દૂ સમાજ દીકરીને કાળજાના કટકા સમાન ગણે છે. દીકરી એ આપણું અંગ છે, દીકરીને પારકી થાપણ કહેવાય પણ દીકરીને જેહાદી હાથોમાં ના જવા દેવાય. દીકરીને કસાઈઓના હાથમાં જતી બચાવવા માટે અમે કાયદો લાવ્યા છીએ. સમાજ દ્વારા જુદી જુદી રજૂઆતોને આધારે આજે આ બિલ લાવવામાં આવશે. હિન્દુ યુવતીઓને લવ જેહાદના નામે ધર્માંતર કરાવીને, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈને અનેક દીકરીઓના જીવન નર્ક બનાવી નાંખવાની માનસિકતાવાળા આ જેહાદી તત્વોની સામે સખતાઈથી અને કડકાઈથી કામ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. જે અંતર્ગત ખોટું નામ કહીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથી. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

# ચોટીલામાં પણ રોપ-વે બનશે: રૂપાણી સરકારની ગૃહમાં જાહેરાત

*ગાંધીનગર,તા.૧*

ચોટીલામાં હવે રોપ-વે બનાવવા માટે રાજ્ય સરકારે લીલીઝંડી આપી દીધી છે. ચોટીલા મંદિર પર રોપ-વે બનાવવાની જાહેરાત ઝસ વિજય રૂપાણીએ વિધાનસભા ગૃહમાં કરી હતી. અને ચોટીલા મંદિરમાં રોપ વે બનાવવાની મંજૂરી આપી છે તેમ સીએમ રૂપાણીએ જણાવ્યું હતું.

શ્રી ચામુંડામાતાના દર્શન માટે ટુંક સમયમાં વૃધ્ધો અને શારીરિક અશક્ત માઈભક્તોને પણ ગઢ ચોટીલા ચઢવુ સરળ બનશે! સરકારે ચોટીલા ડુંગર પર પહોંચવા માટે રોપ-વે બાંધવાની મંજૂરી આપી હોવાની જાહેરાત સીએમ રૂપાણીએ વિધાનસભા ગૃહમાં કરી છે.ચોટીલાના ડુંગર ઉપર પહોંચવા તળેટીથી ૮૫ મીટરની ઉંચાઈ ૪૦૦ મિટર લાંબા એરિયલ નેટવર્ક તૈયાર કરાશે. અત્યારે ચોટીલાના ડુંગર ઉપર ચઢવા માટે ૧૦૦૦ જેટલાં પગથિયા છે.અગાઉ ગિરનાર પર વર્લ્ડ ક્લાસ રોપ વે બનાવવામાં આવી હતી. અને ગિરનાર રોપ વેથી ત્યાંના પ્રવાસનને પણ વેગ મળ્યો હતો.





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે ૬ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે વિષય : રંગ,હોળી,ધુળેટી. પ્રસિદ્ધિ. દિવસ - ૩

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેક કરનાર : જયશ્રીબેન પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

**NOG SS NO - 0026**

પદ્ય - રંગ
શીર્ષક - ફાગણ
પ્રકાર - ગઝલ
છંદ - લગાગા ૪ મુતકારિબ છંદ.

અહી રોજ હૈયામાં લહેરાય ફાગણ.
નિસાસાની ગોફણથી વીંઝાય ફાગણ.
જો આવી શકે તો તું આવી રહે ને!
આ રંગીન સમણાં ચરી જાય ફાગણ.
ભૂરા લાલ પીળા એ રંગો બનીને,
ગુલાબી આ ગાલો એ ઢોળાય ફાગણ.
તળેતળ હ્દયથી પ્રણયપંખી કોઈ,
રમે રંગ કેસૂડાં, શરમાય ફાગણ.
અતળ યાદ તારી ને રંગાઈ હું તો,
આ કાયાની ક્યારીએ ભીંજાય ફાગણ.

અંજના ગાંધી "મૌનુ" ,વડોદરા

---

**NOG SS NO:- 0010**

વિભાગ :- પદ્ય
વિષય :- હોળી, ધુળેટી
શીર્ષક :- રંગીલી હોળી

હે હોળી આવી રંગીલી હોળી આવી રે,
હરખ હૈડે ના માય રંગીલી હોળી આવી રે.
કાના હોળી ખેલે ગોપ ગોપી સંગ કાના રે,
છાંટી ખેલે પ્રેમ ભીનો રંગ કાના રે,
રંગીલી હોળી આવી રે...
હોળી રમે રંગે મેળામાં કાના રે,
રંગ ગુલાલ ઉડાડે ટોળામાં કાના રે,
રંગીલી હોળી આવી રે..
મન કળશ આનંદ ભરું છું કાના રે,
રહી ચૂપ કહેવું છે મારે કાના રે,
રંગીલી હોળી આવી રે,
બધિર બની સાંભળું હું કાના રે,
બંધ કરીને નયન દેખું હું કાના રે,
રંગીલી હોળી આવી રે..
કાચા રંગે જડ્યો આ માનવદેહ કાના રે,
પાકા સત્સંગ રંગે રંગાવો કાના રે,
રંગીલી હોળી આવી રે...
સૂતેલા અંતરાત્માને જગાવો કાના રે,
તારા જપનામ રંગે હંકારો કાના રે,
રંગીલી હોળી આવી રે...
નામ રંગ જો ના ચઢે મુજને કાના રે,
દેહમાં પ્રગટાવો વિરહાગ્નિ તમે કાના રે,
રંગીલી હોળી આવી રે..
દેહને હોલિકા તણાં જલાવો કાના ર,
પ્રહલાદ તણાં પ્રેમાગ્નિ બચાવો કાના રે,
રંગીલી હોળી આવી રે...
એ જ રંગ બધાં રંગમાં મિલાવી કાના રે,
મોરપીછ કલગી સિરે ધરાવું કાના રે,
રંગીલી હોળી આવી રે...
જન્મોજન્મ ગોપી બનાવી રાખો કાના રે,
રોમ રોમ પુકારે રાધેશ્યામ કાના રે,
રંગીલી હોળી આવી રે
નવપલ્લવ લતા તરું તણાં દીસે કાના રે,
ચૈતન્યથી ભરપૂર પ્રાણ સોહાયા કાના રે,
રંગીલી હોળી આવી રે....

દિપ્તી પટેલ'શ્રીકૃપા',વડોદરા.

---

**NOG SS No : 0099**

પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ 'રંગોનું પર્વ હોળી-ધુળેટી'

આવ્યો રંગોનો તહેવાર હોળી અને ધુળેટી,
ચાલો આનંદે ઊજવીએ એકબીજાને ભેટી.
હોળી શેરી,પાદરમાં ગામ, શહેરમાં પ્રગટે,
દર્શન કરવા આબાલવૃધ્ધ સહુ ભેગા ઊમટે.
હોલિકાનું દહન કરીશું, થશે અસુરોનો નાશ ,
પરિક્રમાથી આયુષ્ય મળશે, તંદુરસ્તી ખાસ .
મહોરી ઊઠ્યો કેસૂડો લાલ અને ગુલાબી,
ફૂલોના રંગો બનાવે છે દિયર અને ભાભી.
ઊડે છે અબીલ, ગુલાલ, રંગોની પિચકારી ,બચવા માટે બંધ કરો નહિ બારણાં ને બારી.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય', (વલસાડ)

---

**NOG SS No : 0079**

વિષયઃ હોળી
પ્રકાર પદ્ય
શીર્ષક હોળી આવી

કાના પિચકારી ભરી માર
આજ હોળી આવી રે,
હા આજ હોળી આવી રે,,
ગુલાલ લાવી હું ખોબો ભરીને
રંગીશ તને આજ હોળી આવી રે ,
હોળીનાં રંગે સહુ રંગાય હોળી આવી રે
,પરણ્યો મારો મોડો આવશે,
નણંદને લાવી સાથ.
આજ હોળી આવી રે,
મા સમાન છે સાસુમા મારી ,
હોળી રમવાને મંજૂરી આપી.
ઉમંગભેર હોળી ખેલવા આવી
આજ હોળી આવી રે,
ભરી પિચકારી ભિંજાવ,
આજ હોળી આવી રે.

પ્રવિણા કડકિઆ

---

**NOG SS No : 0051**

વિષયઃ હોળી,
ધૂળેટી,રંગ
શીર્ષકઃ મોહન સંગ રાધા ખેલે હોળી રે...!

કાના તારી રંગ ભરી પિચકારી,
ચૂંદડી ભીંજવે વારી વારી,
મોહન સંગ ખેલે રાધા હોળી રે...
રાધા તારી પ્રીતનો રંગ અનેરો,
હૈયાનો રંગ છાંટુ વારી વારી,
મોહન સંગ ખેલે રાધા હોળી રે...
કાના તારી વાંસળીનાં સૂર સાથે,
ફાગણિયો આવે વારી વારી,
મોહન સંગ ખેલે રાધા હોળી રે...
કેસરિયા ગાલ પર ફરી ગુલાલ,
રંગ લગાડે વારી વારી,
મોહન સંગ ખેલે રાધા હોળી રે...
ઉરનાં ઉમંગે ધૂળેટી ખેલે શ્યામ,
વ્રજની ગોપીઓ સંગ વારી વારી,
મોહન સંગ ખેલે રાધા હોળી રે...!

ઉર્વશી મહેતા ,અમદાવાદ.

---

**NOG SS NO -0037**

વિષય - હોળી, ધૂળેટી,રંગ......
વિભાગ - પદ્ય. ( ગીત )
શીર્ષક - ફાગણીયો.

મઘ મઘ મહેકે મોસમ ને પંખી કરે કલરવ.....!
આવ્યો ફાગણિયો....રૂડો ફાગણિયો.....!
ખેતરે મોલ લહેરાય, ગાઈ ખુશીનાં ગીત...!
આવ્યો ફાગણિયો.... રૂડો ફાગણિયો....!
કાનને ગોપી વ્રજમાં સૌને રમાડે રાસ...!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો.....!
અબીલ ગુલાલથી રંગયાં માનવના મન..!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો...!
વસંતના વધામણાં થાય,માનવના હૈયા હરખાય...!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો..!
બાળકોએ રંગે ભરી પિચકારી.....!
આવ્યો ફાગણિયો.....રૂડો ફાગણિયો...!
ખજૂર, ટોપરા સાથે ધાણી, હળીમળી સૌ ખાય...!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો...!
હોળી, ટાળે રોગ અનેક,ઊર્જા આપી જાય....!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો...!
ધરતીએ પહેરી સાડી લીલી લહેરાય...!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો...!
નાનાં મોટાં સૌ સાથે મળી મનાવે રંગોત્સવ....!
આવ્યો ફાગણિયો...રૂડો ફાગણિયો...!

હેમલતા દિવેચા.

## અકસ્માતોની હારમાળા....સતત જન આંદોલન....આખરે લોકોની મહેનત રંગ લાવી

# મોડાસા સહયોગ ચોકડી પર સર્કલ બનાવવા ખાતમુહર્ત કરતા કલેક્ટર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાંથી પસારથતા ભાર વાહક વાહનચાલકો માટે ટ્રાફિક માં નડતરરૂપ ના થાય અને અકસ્માત નિવારણ માટે શહેરની બહાર બાયપાસ રોડ બનાવ્યો છે પરંતુ બાયપાસ રોડ પર શહેરમાં પ્રવેશતા બે મુખ્ય માર્ગ માલપુર રોડ અને મેઘરજ રોડ પસારથતો હોવાથી વારંવાર અકસ્માત ની ઘટનાઓ સર્જાવાની સાથે કેટલાય નિર્દોષ વાહનચાલકો જીવ ગુમાવવો પડ્યો છે મોડાસાના નગરજનો દ્વારા વારંવાર જવાબદાર તંત્ર આગળ સર્કલ બનાવવાની માંગ સાથે અનેકવાર રોડ પર ચક્કાજામ કરવામાં કરવામાં આવ્યો હતો થોડા મહિના અગાઉ મોડાસા સહયોગ ચોકડી પર એક્ટિવાને ટ્રકે અડફેટે



લેતા ગર્ભવતી યુવતીનું મોત નિપજતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો

સર્કલની માંગ સાથે શહેરીજનોએ ત્રણ-ચાર કલાક રોડ ચક્કાજામ કરતા પોલીસતંત્ર અને વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચી ટૂંક સમયમાં સર્કલ બનાવવાની જાહેરાત પછી ગુરુવારે જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના હસ્તે સર્કલનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું જેમાં બીએપીએસ સંસ્થાના સંતો અને શહેરના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા આખરે તંત્રએ સર્કલનું ખાતમુહર્ત કરતા નગરજનોમાં આનંદ છવાયો હતો . મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર ૩૫ લાખના ખર્ચે નિર્માણ થનાર સર્કલનું ખાતમુહર્ત કરવામાં આવતા અને ત્રણ મહિનામાં સર્કલનું કામકાજ પરીપૂર્ણ કરવામાં આવશેનું જીલ્લા કલેકટરે જણાવ્યું હતું આખરે વર્ષો જૂની માંગ સ્વીકારતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો મોડાસાના મેઘરજ રોડ બાયપાસ ચોકડી અને રાણાસૈયદ ચોકડી પર સર્કલ બનાવની કામગીરી ક્યારે શરૂ થશે તે યક્ષ પ્રશ્ન શહેરીજનો માટે બની રહ્યો છે . મોડાસા શહેર ના બાયપાસ રોડ પર થી દિલ્હી થી મુંબઈ જતા ભાર વાહન ચાલકો અને અન્ય વાહનચાલકો પસાર થતા હોવાથી સતત દિવસ-રાત ભારે ટ્રાફિક રહેતો હોવાથી અને અહીંથી પસાર થતા વાહનચાલકો પુરઝડપે પસાર થતા હોવાથી બાયપાસ રોડ પર સર્કલ ના અભાવે વારંવાર અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતા લોકોમાં સર્કલ બનાવવા અનેક વાર રોડ પર ચક્કાજામ પણ રહીશોએ કર્યો હતો મોડાસાની વિવિધ સેવાકીય સંસ્થો દ્વારા છેલ્લા કેટલાય વર્ષો થી આવેદનપત્ર આપવાની સાથે જવાબદાર તંત્ર અને વહીવટી તંત્ર સહીત રાજયકક્ષાએ અનેકવાર રજુઆત કરવામાં આવતા આખરે મોડાસા શહેરના બાયપાસ રોડ પર ૪ જગ્યાએ સર્કલ બનાવવાની માંગને એક વર્ષ અગાઉ સ્વીકારવામા આવી હતી ત્યારે સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલ બનાવવા માટે ખાતમુહર્ત કરતા વર્ષોજૂની ટ્રાફિક સર્કલ ની માંગ સ્વીકારતા અને સર્વેની કામગીરી હાથધરાતા શહેરીજનો સહીત જીલ્લાભર માં આનંદ છવાયો હતો

જીલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિના ચેરમેન કમલેશ પટેલે મોડાસા શહેરના બાયપાસ પર સર્કલ બનાવવા માટે યોગ્ય પ્લાનિંગ અને પાંચ સર્કલ બનાવવા માટે ક્યાંથી કેટલી ગ્રાન્ટ મળશે સાથે ડ્રાફ્ટ તૈયાર કરી રજુઆત કરતા અને વર્ષોજૂની ટ્રાફિક સર્કલ ની માંગ સ્વીકારતા અને સર્વેની કામગીરી હાથધરવામાં આવ્યા હતું

## રાજપીપલા માં માસ્કનું વિતરણ કરતી પોલીસ

# રાજપીપલામાં માસ્ક વગરના લોકો સામે દંડની કાર્યવાહી શરૂ કર્યા પછી હવે પોલીસે માસ્કનું વિતરણ શરૂ કર્યું

રાજપીપલા, તા.૧

રાજપીપલા ખાતે કોરોનાના કેસો સતત વધતા જતા હોય રાજપીપળા ખાતે પોલીસ દ્વારા માસ્ક વગરના લોકોને પકડી તેની સામે દંડનીય કાર્યવાહી શરૂ કરી છે.તો બીજી તરફ પોલીસે જેની પાસે માસ્ક નથી અને જે લોકોમાં પહેરતા નથી.એવા લોકોને પોલીસ દ્વારા માસ્કનું વિતરણપણ કરવામાં આવી રહ્યું છે. લોકોને માસ્ક ફરજીયાત પહેરવાનું પોલીસ જણાવી રહી છે.

પોલીસ દ્વારા કોરોના વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસશરૂ થયું છે.જેમાં બાઈક અને ફોરવીલર ગાડી પર જનાર જે





લોકો એ માસ્ક નથી પહેર્યું તેવા લોકોને તથા જરૂરિયાતમંદ લોકોને માસ્ક વિતરણ નર્મદા પોલીસ કરી રહી છે.લોકોનું એમ પણ કહેવું છે. માસ્ક પહેરવા જોઈએ પણ ૧૦૦૦રૂપિયાનો દંડ વધારે છે. સામાન્ય લોકો આટલો દંડ ભરી ન શકે તેને બદલે સામે માસ્ક આપવાની પોલીસે જે પહેલ કરી છે તેને લોકોએ આવકારી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# અમદાવાદ એરપોર્ટ પર બેગ ચેક કરવાનું કહેતા મહિલાએ જવાનને લાફો ઝીંક્યો

અમદાવાદ,તા.૧

અદાણી ગ્રૂપ સંચાલિક અમદાવાદ એરપોર્ટ પર ૧ એપ્રિલની વહેલી સવારે અમદાવાદની મહિલા અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના જવાન કલ્પેશ રામટકે વચ્ચે બેગ ચેક કરવા બહાને બબાલ થઈ હતી. નીલમ દવે નામની મહિલાએ બેગ ચેક કરવાની ના પાડીને કહ્યું કે હું સરકારી અધિકારીની છોકરી છું અને ઝઘડો આગળ વધ્યો હતો અને મહિલાએ ઉશ્કેરાઈને જવાનને લાફો મારી દીધો હતો. આ ઘટના બાદ ત્યાં હાજર અન્ય લોકો ભેગા થઈ ગયા હતાં. આ બનાવ અંગે સીઆઈએસએફના જવાને એરપોર્ટની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ અંગે હાલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ ૨ પર મૂળ મહારાષ્ટ્રના અને હાલ અમદાવાદ નરોડામાં રહેતા કલ્પેશ રામટકે (ઉ.વ.૪૭)એ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સીઆઈએસએફમાં રાતે ૯થી સવારે ૬ વાગ્યા સુધી એરપોર્ટ પર ફરજ બજાવે છે. બુધવારે રાતે તેમની નોકરી પર હાજર હતા, ત્યારે વહેલી સવારે એક મહિલાની બેગ સ્કેન ક્લિયર થતું ન હતી. જેથી સ્ટાફના અન્ય વ્યક્તિ તેમને સમજાવી રહ્યા હતા કે, તમારી બેગમાં ફોન કે સિક્કા હશે, જેથી તમારી બેગ ક્લિયર થતી નથી, જેથી તમારી બેગ ચેક કરવી પડશે.

# રાજયની પ્રથમ મહિલા યુનિવર્સિટી સુરતમાં સ્થપાશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧

વિધાનસભામાં શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિહ ચુડાસમાએ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ સર્વાનુમતે પારિત કરવામાં આવ્યું છે. જેમાં, રાજયમાં નવી સાત ખાનગી યુનિવર્સિટીની મંજૂરી આપવામાં આવી છે. ત્યારે, સુરતમાં રાજયની પહેલી મહિલા યુનિવર્સિટીની પણ સ્થાપના કરવાંમાં આવશે.

શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ગુજરાતના વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિ અનુરૂપ વિશ્વકક્ષાનું ગુણવત્તાયુકત અને સમયની માંગ આધારિત ઉચ્ચ શિક્ષણ પુરૂં પાડવા સરકાર પ્રતિબદ્ધ છે. રાજયમાં સરકાર સંચાલિત યુનિવર્સિટીઓને પૂરક બનીને ખાનગી યુનિવર્સિટીઓ પણ ક્વોલિટી એજ્યુકેશન આપવામાં કસોટીની એરણે ખરી ઉતરી છે. રાજ્યના યુવાનોને ગુજરાત બહાર કયાંય ઉચ્ચ શિક્ષણ મેળવવા મોંઘીદાટ ફી ભરીને જવું ન પડે અને ઘરઆંગણે જ વર્લ્ડ કલાસ એજ્યુકેશન આપીને ગુજરાતને એજ્યુકેશનલ હબ બનાવવાના નિર્ધારમાં પણ આવી યુનિવર્સિટીઓ સ્પર્ધાત્મક શિક્ષણ પુરૂં પાડી રહી છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલથી રાજયમાં નવી ૭ ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપનાને મંજૂરી મળવાની છે. આ નીતિના આયોજનમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વધુમાં શિક્ષણ પ્રધાને કહ્યું કે, ગુજરાતમાં હાલ ધોરણ-૧૨ પછી કોલેજમાં પ્રવેશની જે ટકાવારી ૨૨.૫ ટકા જેટલી છે. તેને નવી શિક્ષણ નીતિ મુજબ ૫૦ ટકાએ પહોચાડવા શિક્ષણનો વ્યાપ વિસ્તારવો આવશ્યક છે.

# જિલ્લા પંચાયત દ્વારા કેવડીયાને એકતાનગર નામ આપવાનો ઠરાવ કરવાના ચક્રો ગતિમાન



રાજપીપળા,તા.૧

હાલો ભાજપ શાસિત જિલ્લા પંચાયત નર્મદા દ્વારા કવડિયાને એકતાનગર નામ આપવાના કરવાના ચક્રો ગતિમાન થઇ રહ્યા છે ત્યારે તાલુકા પંચાયત ગરુડેશ્વરના કોંગ્રેસના વિપક્ષ નેતા દક્ષાબેન પટેલ એ વાંધો ઉઠાવ્યો છે.અને તાલુકા વિકાસ અધિકારી ગરુડેશ્વરને પત્ર લખી કેવડીયા અને એકતાનગર નામકરણ કરવા સામે વિરોધ નોંધાવ્યો છે.અને કેવડીયાનું નામ એકતાનગર નામ નહિ બદલવા અને કેવડિયા જ નામ ચાલુ રાખવાની માંગ કરી છે.

તાલુકા પંચાયત ગરુડેશ્વર નેતા વિપક્ષ દક્ષાબેન એ તડવીએ તાલુકા વિકાસ અધિકારી કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ડેવલોપમેન્ટ ના અમૂક વિસ્તાર તથા રેલવે સ્ટેશનના નામકરણ બાબતે પત્રમાં જણાવ્યું છે. કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડેવલોપમેન્ટ ઓથોરીટીની હસ્તક આવેલ વિવિધ એકતા મોલ,એકતા દ્વાર,એકતા નર્સરી વગેરે જે વિસ્તાર કેવડીયા વિસ્તારની હદમાં આવતો હોય જેમાં એકતા નામ સાથે ઘણા પ્રોજેક્ટર સાંકળવામાં આવ્યા છે.એકતા શબ્દ સામે અમારો કોઈ વાંધો નથી, પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી ડેવલોપમેન્ટ અમુક વિસ્તાર એટલે કયો વિસ્તાર તથા કેટલો વિસ્તાર ? તેની કોઈ સ્પષ્ટ માહિતી જણાવેલ નથી . આ વિસ્તાર કેવડીયા નામ પરથી ગણાય વર્ષોથી ઓળખવામાં આવે છે.તથા તેની સાથે અમારા વડવાઓની ઘણી પેઢીઓની લડત તથા સ્મરણો જોડાયેલા છે.અમારા કેવડીયા વિસ્તારના ખેડૂતોના સમય-સમય પર પોતાની જમીનોના બલિદાન થકી આખા ગુજરાતના દરેક ખેડૂતો સુધી પાણી તથા વિજળી જેવી સુવિધા મળી રહે છે. અને આ વિસ્તારના લોકોના બલિદાનને ભુલાય તેમ નથી. જોકે કેવડીયા વિસ્તારનું નામકરણ બદલવાની જરૂર નથી.તમારા ઠરાવના વિચારો સામે અમે સહમત નથી.એમ પણ જણાવ્યું છે.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

## જીજે ૧૮ ખાતે ફોર્મ ભરવા ભાજપ, કોંગ્રેસ, આપ ની રેસ... જુઓ કોને વાગે છે ઠેસ



# સેલંબા ગામ પાસેથી સ્વીફ્ટ ડીઝાયર ફોરવ્હીલ ગાડીમાં છુપાવેલ વિદેશી દારૂ



રાજપીપલા, તા.૧

નર્મદા જીલ્લામાંથી દારૂના દુષણ ને ડામવા તેમજ અસરકારક કામગીરી કરવા માટેની કડક નિર્દેશો અને સુચનાનાં પગલે એ.એમ.પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. નર્મદાના સુપરવિઝન હેઠળ અ.હે.કો. મણીલાલ ધેરીયાભાઇ તથા અ.પો.કો. રાકેશભાઇ ચંપકભાઇને મળેલ કે, એક

સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં.જીજે-૧૬-એજે- ૧૪૪૧ ની ફોરવ્હીલ ગાડીમાં વિદેશી દારૂ ભરીને સેલંબા તરફ પસાર થવાનીછે જે બાતમી આધારે એલ.સી.બી. ટીમના પોલીસ માણસો સેલંબા ખાતે નાકાબંધી કરી વોચમાં હતા દરમ્યાન સદર સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં.જીજે-૧૯-એજે-૧૪૪૧ આવતા તેને રોકી ગાડીમાં બેસેલ રતિલાલ

રાણાજીભાઇ વલવી (રહે. લગડી ફળીયુ નવાગામ જાવલી તા.સાગબારા) પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહી મળતા સ્વીફ્ટ ડીઝાયર ગાડીની ઝડતી તપાસ કરતા ગાડીમાંથી હોલ નંગ-૧૨૦ તથા હાફ હોલ નંગ-૯૬ કુલ કિ.રૂ ૮૪,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૧

કિ.રૂ.૫૦૦૦/- મળી તથા સ્વીફ્ટ ડીઝાયર ગાડી-૧ કિ.રૂ. ૨,૫૦,૦૦૦/- મળીઆવેલ. જેની કુલ્લે કિ.રૂ. ૩,૩૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને અટક કરી મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો સચિન બીયરબાર અક્કલકુવાના માલીક શીવાજી પાટીલ (રહે. અક્કકુવા તા. અકલકુવા જી.નંદુરબાર)ના પાસેથી

મેળવેલ હોય જેને વોન્ટેડ જાહેર કરી સાગબારા પોલીસે ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

# પ્રખર ખગોળશાસ્ત્રી અને ગુજરાતના ખેડૂતોમાં નામના ધરાવતા પરેશભાઈ ગોસ્વામી જનઅધિકાર મંચમાં જોડાયા

## કિસાનોમાં નામના ધરાવતા પરેશભાઈ ગોસ્વામીને જનઅધિકાર મંચની કિસાન સમિતિના ગુજરાત કન્વીનર તરીકે પ્રવિણ રામ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા




પરેશભાઈ ગોસ્વામી એક પ્રખર ખગોળ શાસ્ત્રી છે એમના દ્વારા અપાયેલી મોટા ભાગની આગાહીઓ સાચી પડે છે તેમજ એમના દ્વારા ખેડૂતોના હિત માટે સરકારમાં કરવામાં આવતી રજુવાતો, ખેડૂતોને આપવામાં આવતા યોગ્ય માર્ગદર્શનના કારણે પરેશભાઈ સમગ્ર ગુજરાતના ખેડૂતોમાં મોટી નામના ધરાવતા વ્યક્તિ છે,ત્યારે આવા પ્રબળ નામના ધરાવતા વ્યક્તિ પરેશભાઈ ગોસ્વામી જન અધિકાર મંચ માં જોડાયા, મચમા જોડાતાની સાથે જ પ્રવીણભાઈ રામ દ્વારા પરેશભાઈ ગોસ્વામીને કિસાન સમિતિના રાજયના મુખ્ય કન્વીનર તરીકેની મહત્વની જવાબદારી અપાતા ગુજરાતના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે

જન અધિકાર મંચ સમગ્ર ગુજરાતમાં ફેલાયેલું મજબૂત સંગઠન છે , જે સંગઠન દ્વારા પ્રવીણભાઈ રામની આગેવાનીમાં કર્મચારીઓ , બેરોજગાર યુવાનો, ખેડૂતો અને શોષિત જનતા માટે અનેક આંદોલનો કરવામાં આવ્યા અને મોટા ભાગના આંદોલનમાં સફળતા મેળવી લોકોને લાભ અપાવ્યો , હાલ જન અધિકાર મંચ નું જિલ્લા ,તાલુકા અને ગ્રામ્ય લેવલ સુધીનું સંગઠનના વિસ્તૃતિકરણનું કામ ચાલુ છે ત્યારે આ પ્રોગ્રામ અંતર્ગત પ્રખર ખગોળ શાસ્ત્રી પરેશભાઈ ગોસ્વામી ગઈ કાલે જૂનાગઢ ખાતે પ્રદેશ પ્રમુખ પ્રવીણભાઈ રામ, રાજ્ય પ્રવકતા જીગ્નેશ કડોરિયા અને જૂનાગઢ જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ વાળાની હાજરીમાં જોડાતા જન અધિકાર મંચ આગામી દિવસોમાં ખેડૂતોના હિત માટે પરેશભાઈની આગેવાની હેઠળ મજબૂત પ્રોગ્રામો આપશે એવો વિશ્વાસ પ્રદેશ પ્રમુખ પ્રવીણભાઈ રામ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો

# આવધા ગામની વાંચન કુટીર ખાતે સાકાર કોમ્પ્યુટર ક્લાસનો શુભારંભ થયો

માનનદી કિનારે વસેલું અને સહ્યાદ્રિ પર્વતમાળાની વનૌષધિઓથી ઘેરાયેલું વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આવધા ગામમાં ?સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ, મુંબઈ અને સી.જી.એસ.ઈન્ફોટેકના સી.ઈ.ઓ.હિતેનભાઈ ભુતાના આર્થિક સહયોગથી અને રેઈન્બો વોરીયર્સ ધરમપુર સંચાલિત સાકાર કોમ્પ્યુટર ક્લાસનો શુભારંભ ગામના યુવાન અને પહેલાં સરકારી નોકરી કરતા વલ્લભભાઈ વૈજલના વરદ્ હસ.તે કરવામાં આવ્યો

.જે પ્રસંગે સામાજિક કાર્યકર જયેશભાઈ પટેલ , મોડેલ સ્કૂલ ,માલનપાડાના આચાર્ય બિપીનભાઈ પટેલ, કપરાડાના આચાર્ય દિનેશભાઈ પટેલ , નાની ઢોલડુંગરી શાળાના મદદનીશ શિક્ષક ડૉ.વિરેન્દ્રભાઈ ગરાસિયા, ગામના સરપંચ , ડેપ્યુટી સરપંચ , ગામના યુવા નેતા વિજયભાઈ દળવી તેમજ ગામના આગેવાનો અને યુવાનો તથા રેઈન્બો વોરીયર્સ ધરમપુરનાં કેતનભાઈ ગરાસિયા, નલિની બેન પાનેરીયા, રાજેશભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ વગેરે



ઉપસ્થિત રહ્યાં હતાં.

આવધા અને તેની આસપાસના ગામોના યુવાનો ને કોમ્પ્યુટર અંગેનું પાયાનું શિક્ષણ મળે તેવા હેતુસર શરુ કરાયેલ સાકાર કોમ્પ્યુટર ક્લાસ અંતર્ગત ૩૦ જેટલાં યુવાનોને સી.સી.સી.પરીક્ષા લેવલનું કોમ્પ્યુટર શિક્ષણ કોઈ પણ પ્રકારના ફીની રકમની વસુલાત કર્યા વગર આપવામાં આવશે.

અહીંના કોમ્પ્યુટર ક્લાસ માં આવધા ગામના કોમ્પ્યુટર શિક્ષક અજયભાઈ કોમ્પ્યુટર શિક્ષણ આપશે. વધુમાં આ પ્રસંગે કોમ્પ્યુટર ક્ષેત્રાનાં નિષ્ણાંત ભવ્યેશભાઈ પટેલનું વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે શાલ ઓઢાડી ને સન્માન કરાયું હતું. જ્યારે રેઈન્બો વોરીયર્સ ધરમપુરનાં કો ઓર્ડીનેટર અને આવધા ગામનાં મદદનિશ શિક્ષક શંકરભાઈ પટેલ અને રેઈન્બો વોરીયર્સ ટીમ આવધા ગામના સાકાર કોમ્પ્યુટર ક્લાસ નું સંચાલન કરશે અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે. આ પ્રસંગે યુવા આગેવાન વિજયભાઈ દળવી , આવધા પ્રાથમિક શાળા ના હેડ ટીચર પાયલબેન પટેલ વગેરેએ આવધા ગામમાં શરુ કરાયેલ સાકાર કોમ્પ્યુટર ક્લાસ માટે સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ, મુંબઈના હિતેન ભાઈ ભુતા અને તેમની ટીમનો આર્થિક સહયોગ બદલ આભાર વ્યક્ત કરી કોમ્પ્યુટર શિક્ષણ આગામી દિવસોમાં આવધા અને તેની આસપાસના ગામોના યુવાનો માટે નોકરી - ધંધા માટે ખૂબ ઉપયોગી બની રહેશે, તેવી આશા વ્યક્ત કરી હતી.

# રાજસ્થાન બોર્ડર પર આરોગ્ય વિભાગ ઉંઘતુ ઝડપાયું :સવારે RT-PCR તપાસ માટે કર્મીઓ ગેરહાજર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર દેશમાં કરોનાનું સંક્રમણ જેટ ગતિએ વધી રહ્યું છે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી પછી ગુજરાતમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળી રહ્યું છે દરરોજ બે હજારથી વધુ કેસ સરકારી ચોપડે નોંધાઈ રહ્યા છે રાજ્ય સરકારે કોરોના સંક્રમણ અટકાવવા માટે ૧ એપ્રિલથી રાજ્યની તમામ આંતરરાજ્ય સરહદો પર ચેકપોસ્ટ ઉભી કરી અન્ય રાજ્યમાંથી પ્રવેશતા લોકો માટે ૭૨ કલાક પહેલા RT-PCR ટેસ્ટમાં નેગેટીવ હોય તો જ રાજ્યમાં પ્રવેશ મળશેની જાહેરાત કરવામાં આવી હતું ત્યારે અરવલ્લી જીલ્લાની જાણીતી આંતરાજ્ય ચેકપોસ્ટ રતનપુર ચેકપોસ્ટ સહીત અન્ય ચેકપોસ્ટ પર સવારે આરોગ્ય કર્મીઓ ૧૦ વાગ્યા સુંધી ન પહોંચતા આરોગ્ય તંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા હતા ચેકપોસ્ટ પર પોલીસકર્મીઓ વાહનચાલકો પાસે આરટીપીસીઆર રિપોર્ટ તપાસ કરવા મજબુર બન્યા હતા આ અંગે ઈલોક્ટ્રોનીક મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા ઉંઘતુ આરોગય તંત્ર સફાળું જાગ્યું હતું અને ચેકપોસ્ટ પર આરોગ્યની ટીમ કામગીરીમાં જોતરાઈ હતી

અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્રની બેદરકારીના પગલે રાજસ્થાનમાંથી અનેક લોકો બેરોકટોક પ્રવેશી ચુક્યા હતા જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના સંક્રમણ અટકાવવા કાગળ પર ઘોડા દોડાવ્યે રાખતું હોવાનું લોકો અહેસાસ કરી રહ્યા છે જીલ્લામાં કોરોના સંક્રમણ અટકાવવા આરોગ્ય તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેમ સતત કોરોના સંક્રમીત દર્દીઓ વધી રહ્યા છે અરવલ્લી જીલ્લાની તમામ આંતરરાજ્ય સરહદ પર પોલીસતંત્ર ખડેપગે જોવા મળ્યુ હતું અને રાજસ્થાનમાંથી પ્રવેશતા લોકો પાસે ૭૨ કલાક પહેલા કરાવેલ RT-PCR ટેસ્ટના રિપોર્ટની ચકાસણી કરી જે મુસાફરો પાસે RT-PCR નો રીપોર્ટ ન હોય તેમને પરત મોકલવામાં આવ્યા હતા ગુજરાત રાજ્ય સરકારના નિર્ણયથી અજાણ અનેક વાહનચાલકો અને મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા

ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર RT-PCR રિપોર્ટ ફરજીયાત કરાયો છે. રાજસ્થાનથી ગુજરાતમાં આવતા મુસાફરોએ રિપોર્ટ આપવો પડશે. શામળાજીની રતનપુર બોર્ડર પાર ચેકપોઇન્ટ ઉભા કરાયા છે. આખરે પોલીસ જ RT-PCR રિપોર્ટની તપાસ શરુ કરી હતી. ૭૨ કલાકમાં કરાવેલ રિપોર્ટ નેગેટિવ હોય તો જ પ્રવેશ આપવામાં આવશે. અરવલ્લીની ૮ બોર્ડર પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને બોર્ડર વિસ્તારમાં પોલીસનું સઘન ચેકીગ હાથ ધરવામાં આવ્યુ છે. અરવલ્લીની રાજસ્થાન બોર્ડર પર આરોગ્ય વિભાગ ઉંઘતું રહ્યું હોય તેમ સવારે ૧૦ વાગ્યા સુધી એક પણ ચેકપોસ્ટ પર આરોગ્ય કર્મી ફરક્યો ન હતો RT-PCR રિપોર્ટ આજથી ફરજિયાત છતાં અમલ શરૂ કરવામાં વિલંબ થતા અનેક લોકો બેરોકટોક પ્રવેશી ચુક્યા હતા

# ઘનશ્યામ બિરલાએ જન્મદિવસની શાનદાર ઉજવણી કરી

સ્વર્ણિમ ગજરાત યુથ ફાઉન્ડેશન સુરત ના પ્રમુખ તેમજ રેડ ક્રોસ બ્લડ બેંક ના કો ઓર્ડીનેટર ઘનશ્યામ બિરલાએ પોતાના ૫૫ માં જન્મ દિવસ ની ઉજવણી નિમિતે સ્મીમેર.હોસ્પિટલ બ્લડ બેંક માં ૯૩મી વાર રક્તદાન કરીને હાલ કોરોનાની મહામારી માં રક્તદાન ની ખુબ જ અછત છે ત્યારે લોકો માં રક્તદાન પ્રત્યે જાગૃતિ આવે તે માટે સહેરી જનોને રક્તદાન કરીને બહુમૂલ્ય માનવ જીંદગી બચાવવા અપીલ કરી હતી તેમજ તેમણે ૫૫૦ વ્યક્તિઓને પ્રધામંત્રીશ્રી ની વીમા સુરક્ષા ભેટ આપી હતી સાથે મોટા વરાછા ખાતે બ્લુ બેલ કેમ્પસ માં ડોક્ટર જયશ્રીબેન પદમાની ના આરોગ્ય નિદાન કેમ્પ નું આયોજન કરેલ જેમાં અસાધ્ય રોગનું નિદાન તેમજ હાલ કોરોના મહામારી માં ઈમુયુનિટી પાવર માટે ના ડ્રોપ આપવામાં આવ્યા જેનો કેમ્પસ ના અસંખ્ય લોકો એ લાભ લીધો હતો તેમજ કોર્પોરેશન સંચાલિત ઉત્રાણ





આંગણવાડી ના આશા વર્કર બહેનો ને ગિફ્ટ આપીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે વરાછા બેંક ના ચેરમેન કાનજીભાઈ ભાલાળા દ્વારા બુકે તેમજ પુસ્તક આપી ને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ બેંક ના એમ ડી ભવાન ભાઈ નવાપરા એ અભિનંદન પાઠવ્યા હતા ઉપસ્થિત ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ દિનેશભાઈ નાવડિયા શહેર બીજેપી ઉપ્રમુખ છોટુ ભાઈ પાટીલ સામાજિક અગ્રણી બાબુભાઈ જીરાવાલા ઉધના ના માજી કોર્પોરેટર સુરેશભાઈ કણસાગરા લોકદર્ષ્ટી ચક્ષુ બેંક ના ડો પ્રફુલ્લ શીરોયા કનસાડ નગરપાલિકા ના ઉપ્રમૂખ કાવ્યા પટેલ એક સોચ એનજીઓ ના રિતુ રાઠી સેનેટ મેમ્બર ગણપત ધામેલીયા મનીષ કાપડિયા જેવા મહાનુભાવો એ હાજરી આપી ને ઘનશ્યામ બિરલા ને આવા સુંદર સામાજિક પોગ્રામ્ દ્વારા જન્મદિવસ ની ઉજવણી બદલ હાર્દિક શુેચ્છાઓ પાઠવી હતી

સંસ્થાના કો ઓડીનેટર ડોક્ટર મુકેશ પડસાલા હરેશ માંગરોળીયા દિનેશ ભાયાણી પ્રવીણ પીપરડી સહિત અન્ય સભ્યો એ હાજરી આપી ને કાર્યક્રમ ને સુંદર બનાવ્યો હતો

## પહેલીવાર જે તે શાળામાં પોતાનો પ્રોજેક્ટ પોતાની શાળામાથી લિંક શેર કરી ઓનલાઈન કૃતિ રજૂ કરાઈ

# નર્મદામાં જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન પહેલી વાર કોરોનાને કારણે ઓનલાઇન પ્રદર્શન યોજાયું



નર્મદામાં જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન પહેલી વાર કોરોનાને કારણે ઓનલાઈન પ્રદર્શન યોજાયું હતું. જેમાં ડિજિટલ ટેક્નોલોજી નો ઉપયોગ કરાયો હતો. આ વખતે જે તે શાળામાં પોતાનો પ્રોજેક્ટ પોતાની શાળા માથી લિંક શેર કરી ઓન લાઈન કૃતિ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ કૂલ ૪૨ કૃતિઓ રજૂ થઈ હતી. જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માં ૧૯અને પ્રાથમિક વિભાગમાં ર ૩કૃતિઓ રજૂ થઈ હતી.

ઓનલાઈન ઉદઘાટન સમારોહમાં ડાયેટ ના પ્રાચાર્ય એમ જી શેખ, જિલ્લા શિક્ષણાધિકારી જયેશ પટેલ અને ઈઆઈ દારા સીગ ભાઈ તથાઓન લાઈન સંચાલક તરીકે ડાયેટના રોબિન્સ એમ.ભગત, જિલ્લા વિજ્ઞાન સલાહકાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજપીપળાજોડાયા હતા જેમાં નિર્ણાયક તરીકે જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપ તથા મહેશભાઈ દલાલ, પ્રા. કમલેશકુમાર સિંધા,પ્રા.દિનેશકુમાર પ્રજાપતિએ સેવા આપી હતી.સામાન્ય રીતે દર વર્ષે નર્મદા જિલ્લામાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાય છે .જેમાં મોટી સંખ્યામાં બાળ વૈજ્ઞાનિકો પોતાના વિજ્ઞાન પ્રોજેક્ટ રજૂ કરતા હોય છે. તમામ બીઆરસી સીઆરસી અને જિલ્લા કક્ષાએ ત્યારબાદ આ રાજ્ય કક્ષાએ આકૃતિઓ જતી હોય છે .પરંતુ ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે શાળાઓ બંધ હતી હવે જયારે શાળાઓ પણ ખુલી છે ત્યારે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમા કોરોના નું સંક્રમણ ન થાય માટે સરકાર ની ગાઈડલાઈન મુજબ આ વખતે પહેલી વાર ઓનલાઈન ગણિત વિજ્ઞાન પ્રદર્શન અને પર્યાવરણ પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં આ વખતે ચોક્કસ જગ્યાએ વિજ્ઞાન મેળો ન યોજતા જે તે શાળામાં પોતાનો પ્રોજેક્ટ પોતાની શાળાએ રજૂ કરી ઓન લાઈન જોડાઈ ઓન લાઈન લિંક શેર કરી હતી.

૩૦ અને ૩૧મી એ જિલ્લા કક્ષાના બે દિવસ ચાલેલા પ્રદર્શન માં રાજપીપલા ડાયેટ ખાતેથી નિર્ણાયકોંએ પણ લિંક ઓપન કરીનેઓનલાઈન રીતે જોડાઈને વિડીયો ચેક કરીને નિર્ણય આપ્યો હતો .જયાં નેટની સુવિધા નહિ હોય ત્યાંથી વિડીઓ મોકલાવામાં આવ્યો હતો.

આ માટેના વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એસ.વી.એસ સરદાર કક્ષાનો ઓનલાઇન પ્રદર્શન એસ.વીએસ નર્મદા કક્ષાનો ઓનલાઇન પ્રદર્શન તેમજ કેન્દ્ર કક્ષાનું ઓનલાઈન પ્રદર્શનયોજાયા હતા.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.